# અરુણોદય

વર્ષ - ૨ અંક - ૯ જુન ૨૦૨૩

myvadgam@gmail.com nitesh.l.patel 9429407732



અરવલ્લી પર્વતની ઊંચાઇ ભલે ઓછી હોય પણ ઉંમરમાં તે હિમાલયથી પણ પહેલા અસ્તિત્વ ધરાવતો હતો. અરવલ્લીની કુલ લંબાઇ ૭૦૦ કિમી છે. એમાંથી ૫૫૦ કિમી રાજસ્થાનમાંથી પસાર થાય છે.

Talks with Nitin www.readnitin.in @nitin2550

- ડૉ. કૌશિક ચૌધરી

# 'ભારતે શું શોધ્યું છે? બધું પશ્ચિમે શોધ્યું છે.' ચાલો, આ તથ્યને થોડી વધુ ઊંચાઈથી જોઈએ.

સવાલ: એક ખ્રિસ્તી ધર્મમાં વિશ્વાસ રાખનાર વ્યક્તિએ પોતાના ધર્મ મુજબના વિચાર મૂક્યો, અને તમે હિન્દુ શાસ્ત્ર મુજબની વાત કરી તેને જવાબ આપ્યો. બન્નેમાં કોને સાચા માનવા?

જવાબ: કમ સે કમ વિજ્ઞાનને, જેણે પ્રમાણ આપ્યા છે છેલ્લા ચારસો વર્ષમાં. અને તેની દરેક નવી શોધ વેદાંતના સિધ્ધાંતોને સાચી પાડતી આવી છે. બિગ બેંગ, ગ્રેવિટેશનલ ટાઇમ ડાઇલેશન, સમય સાપેક્ષ છે જેવી શોધોથી લઈ કવોંટમ મિકેનિકસના ઘણા તથ્યો જે વીસમી સદીમાં શોધાયા તે વેદાંત અને અન્ય ભારતીય શાસ્ત્રોમાં પહેલેથી સમજાવાયેલા હતા. આજે પણ ફિઝિક્સની જે સૌથી નવી શોધાયેલી બે શાખાઓ છે એ પણ વેદાંતના સિધ્ધાંતો પર આધારિત છે. એક, physics of consciousness અને બીજી કલ્પની ચક્રાકાર ગતિ આધારિત CCC model. પશ્ચિમના લગભગ દરેક મહાન વૈજ્ઞાનિકે ઉપનિષદોનો આધાર લીધો હોવાનું સ્વીકાર્યું છે.

સવાલ: હા, સંપૂર્ણ પશ્ચિમી વિજ્ઞાન વેદ ઉપનિષદના અભ્યાસના આધારે છે. એ તો તેમનું ધ્યાન ગયું વેદ ઉપનિષદ પર ને આપણું ના ગયું ને તેથી આપણે તેમણે શોધેલી પ્રોડક્ટ વાપરીએ છીએ. સારું નેઇલ કટર પણ ભલે ને દેશમાં ના બનતું હોય, મૂળ તો બધું આપણું ને! એટલે આમ ગમ્મે ત્યારે ગમ્મે તેની સાથે કુસ્તીમાં ઉતરી જઈએ તો પણ આપણે વિજ્ઞાનના patented માલિક જ ગણાઈએ.

જવાબ: આવા તંજ સમય આવ્યે મેં પણ માર્યા છે, લોકોને જગાડવા માટે. પણ એના પાછળનું આ સત્ય હું ક્યારેય નથી ભૂલતો. ફરી ધ્યાનથી વાંચો, મેં એવું નથી કહ્યું કે પશ્ચિમે જે શોધ્યું તે આપણું છે. મે કહ્યુ, તેમણે અસ્તિત્વને સમજવા વિજ્ઞાનના માધ્યમથી જે પ્રયાસ કર્યા અને તેમાં જે જાણ્યું એ એજ હતું જે આપણે વેદાંતમાં, શ્રીમદ ભાગવતમાં અને સૂર્યસિદ્ધાંત ગ્રંથમાં જાણેલું હતું. એવું ખાલી આપણે નથી કહેતા, એ લોકોએ જ આપણને કહ્યું છે. એટલે આપણે બોલવાનું શરુ કર્યું છે. તમે જે કહો છો એ વાત ટેકનોલોજીની છે. અને હું એજ વાતે સરકાર અને અદાણી Foundation સામે એક રિસર્ચ પ્રોગ્રામ ચલાવવા વિનંતીઓ કરી રહ્યો છું. વાત એમ છે કે, ભારતીય પદ્ધતિમાં સત્ય પોતાના અંદર શોધાતું હતું, એટલે સત્યનો એટલે કે સૃષ્ટિને ચલાવનાર વિજ્ઞાનનો સાક્ષાતકાર થાય ત્યારે માણસ સંતૃપ્ત અને શાંત થઈ જતો.

તેનું ધ્યાન વૈશ્વિક શાંતિ અને માનવજાતિની મુક્તિ તરફ વધુ ગયું. પણ પશ્ચિમની સત્ય ખોજવાની રીત માનવ શરીરથી બહાર હતી. ઈન્દ્રિયો અને સાધનો દ્વારા ભૌતિક પ્રયોગો દ્વારા સત્ય શોધવું. આ રીતે તેમણે જેટલું પણ સત્ય જાણ્યું એ એજ હતું જે ભારતીયોએ જાણ્યું હતું. પણ એ મનુષ્યની આત્મ સંતૃપ્તિમાં કોઈ વધારો નહોતું કરતું. એટલે એ બધી શોધો પ્રયોગોના પરિણામો અને ગણિતના સૂત્રો રૂપે થઈ. અને એટલે ભૌતિક રીતે પ્રાપ્ત એ સમજનો ઉપયોગ મનુષ્યએ ભૌતિક રીતે વિકસિત થવામાં જ કર્યો. લોકોનું ધ્યાન સહજ રીતે એ વાતમાં જ ગયું કે આ શોધોની ઉપયોગ માનવજીવનને સરળ અને આરામદાયક બનાવવામાં કેવી રીતે કરી શકાય. આ રીતે પશ્ચિમી ટેકનોલોજીની શરૂઆત થઈ. તે એક fallout હતું, અને આજે પણ યુરોપની યુનિવર્સિટીઓમાં કાર્યરત ફિઝિક્સના વૈજ્ઞાનિકો ટેકનોલોજીને વિજ્ઞાનના મૂળ હેતુથી થયેલો એક ભટકાવ જ માને છે. પણ એ ટેકનોલોજી એક શક્તિ હતી, જેના કારણે છેલ્લા ત્રણસો વર્ષમાં એ સભ્યતા ભારતથી આગળ નીકળી ગઈ, કારણકે ભારત તે સમયે વિદેશી આક્રાંતાઓથી અસ્તિત્વ બચાવવાનો સંઘર્ષ કરી રહ્યું હતું. એવા આક્રાંતાઓ જેમણે ઈજિપ્ત, પર્શિયા, બેબીલોન અને ગ્રીક જેવી મહાન પ્રાચીન સંસ્કૃતિઓને નષ્ટ કરી દીધી હતી. આપણે એકલા જ છીએ જેમણે પોતાને નષ્ટ થતા બચાવી લીધા. પણ એ હજાર વર્ષમાં ભારતમાં વિજ્ઞાન, કળા અને અન્ય બાબતોનો વિકાસ અટકી ગયો. કારણકે અસ્તિત્વનો સંઘર્ષ હતો.

તો એ સમય દરમિયાન પશ્ચિમે ટેકનોલોજીની તાકાતથી આખા વિશ્વને પોતાના રંગમાં રંગી દીધું. આજની આખી વ્યવસ્થા અને ભાષા એમના રંગમાં રંગાઈ ગઈ. પણ આ બધું ખાલી છેલ્લા ત્રણસો વર્ષનું પરિવર્તન છે. એના બસો વર્ષ પહેલાં એટલે કે ૧૫૦૦ ની સાલ સુધી તેમને સૌરમંડળની પણ ખબર નહોતી, અને તે માનતા હતા કે પૃથ્વી બ્રહ્માંડનું કેન્દ્ર છે જેના આસપાસ સૂર્ય અને અન્ય ગ્રહો - તારાઓ ફરે છે. જ્યારે આપણો સૌરમંડળના ગ્રહો, તેમના માપ, અને અંતર સહિત ગુરુત્વાકર્ષણની સમજ આપતો સૂર્યસિધ્ધાંત ગ્રંથ ૧૦૦૦ ની સાલમાં મુસ્લિમો દ્વારા અરબીમાં અનુવાદ થયો હતો. એનું જ બારમી સદીમાં લેટીનમાં અનુવાદ થઈ તે યુરોપમાં ગયો. ૧૦૦૦ ની સાલમાં અહીંયા રાજ રાજા ચોલે તેની નેવી આર્મી વડે આખા પૂર્વ એશિયાને ભારત સાથે જોડી દીધેલું. અને તે સમયે યુરોપ વાઈકિંગના (ધ્રુવ પ્રદેશના આદિવાસી) કંટ્રોલમાં હતું. એટલે છેલ્લા ત્રણસો વર્ષમાં થયેલી આ ઉથલપાટને એટલું બધું મહત્વ નથી આપી દેવાનું કે એના પહેલાના હજારો વર્ષો સુધી આપણી સભ્યતાએ માનવજાતિને જે માર્ગદર્શન આપ્યું તેનો ઉપહાસ કરવા લાગીએ. પાયથાગોરસનું બધું ગાણિતિક જ્ઞાન તેની ભારત યાત્રા પછી આવ્યું હતું, એવું યુરોપનો દરેક ઈતિહાસકાર લખે છે. એજ પાથાગોરાસનો શિષ્ય બન્યો સોક્રેટિસ- જેનું તત્વજ્ઞાન ગ્રીકો કરતાં અલગ ભારતીય હતું, એટલે ત્યાં તેનો વિરોધ થયો અને તેને મરવું પડ્યું. એનો શિષ્ય બન્યો પ્લેટો અને પ્લેટોનો શિષ્ય બન્યો એરિસ્ટોટલ.

આપણે ગુલામીમાંથી બહાર આવ્યા છીએ તો ફરી ઉભા ત્યારે જ થઈ શકીશું જ્યારે ગુલામી પહેલાના આપણા શ્રેષ્ઠત્વથી પરિચિત થઈશું. એનો ઉપહાસ કરવો એ ગોરાઓને મોટા જોવાની ગુલામીની માનસિકતાનું પ્રતિબિંબ છે. ધીમે ધીમે એમાંથી બહાર નીકળવું જોઈએ.

આલેખન :-

# વાંચીને મન પ્રસન્ન થઈ જાય તેવી ગાથા.

રમેશ તન્ના



**ધરમપુરના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારમાં એક યુવા યુગલ, ઋષિત મસરાણી અને પૂર્વજા ભટ્ટે લોકડાઉનમાં અનેકવિધ સેવાકીય કાર્યો કર્યાં**

કવિવર ઉમાશંકર જોશીએ એક નવદંપતિને લગ્નપ્રસંગે પુસ્તક ભેટ આપતી વખતે શુભેચ્છા નોંધ લખી હતી કે "જેટલાં સમાજનાં થશો, તેટલાં જ એકબીજાનાં થઈ શકશો."

રવિશંકર મહારાજે એક નવવધુને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે,"તું સુખી થવા નથી જઈ રહી, પરંતુ સુખી કરવા જઈ રહી છે એટલું યાદ રાખજે."

કવિવર ઉમાશંકર જોશી અને રવિશંકર મહારાજની આ વાતો આપણને ઋષિત મસરાણી અને તેમનાં જીવનસાથી પૂર્વજાએ કરેલાં સેવાકીય કાર્યોની વિગત જાણીને યાદ આવી જાય.

હજી હમણાં તો, 30મી નવેમ્બર, 2019ના રોજ તેમને લગ્ન કર્યું છે. ઋષિત તો ઘણાં વર્ષોથી આદિવાસીઓ અને ગરીબો માટે અનેક સેવાકીય કાર્યો કરે છે. ઝળહળતી કારકિર્દીને તેણે સેવા માટે જતી કરી છે. પ્રતિભાશાળી અને સજ્જ યુવક છે. જોકે, મગજ કરતાં હૃદયનું વધારે માને છે. તેમાંય મૂળ અમરેલીના, પરંતુ અત્યારે રાજકોટ સ્થાયી થયેલા પરિવારમાંથી આવેલાં પૂર્વજા ભટ્ટ મળ્યાં. પછી તો બંનેએ સાથે મળીને સેવા કાર્યોમાં ગતિ આણી છે, સુગંધ ભેળવી છે.

22મી માર્ચ, 2020ના રોજ જનતા કરફ્યૂના દિવસથી આ યુગલે ધરમપુર અને કપરાડા વિસ્તારમાં કામ શરુ કરી દીધું. આમેય આ વિસ્તાર આદિવાસીઓનો અને ગરીબોનો વિસ્તાર છે. સૌથી પહેલાં વાત કરીએ જમાડવાની. 72 દિવસમાં આ દંપતિએ આશરે 1 લાખ ફૂડ પેકેટનું વિતરણ કર્યું છે. ઘણી વાર તો બંનેએ 400-400 કિલોમીટરની મુસાફરી પણ કરી છે.

નિયત કરેલા રસોડે જમવાનું બનતું હોય અને ગરીબો, મજૂરો જમતા હોય. એક વાર તો એવું થયું કે રાત્રે દસેક વાગ્યે મામલતદાર ઓફિસમાંથી ઋષિત ઉપર ફોન આવ્યો કે, 300 કિલોમીટર ચાલીને 70 જેટલા મજૂરો આવ્યા છે. ભૂખ્યા છે. ઋષિતે પૂર્વજાને કહ્યું. પૂર્વજાબહેન તરત જ પોતાની ટીમ સાથે ખીચડી બનાવવા બેસી ગયા. મામલતદારે માત્ર 20-30 મિનિટનો સમય આપ્યો હતો. 30 મિનિટમાં તો 70 લોકો માટે ખીચડી અને શાક તો બન્યું જ, ગરમ ગરમ રોટલા પણ બનાવી દીધા. આને કહેવાય જુસ્સો, આને કહેવાય સંવેદના અને આને કહેવાય સાચી માનવતા.

લોકડાઉન વખતે ઋષિત અને પૂર્વજાબહેને ચા અને બિસ્કીટની પણ સેવા પૂરી પાડી. ધરમપુરની છ હોસ્પિટલોમાં તેઓ દર્દીઓ, ડોક્ટરો તથા મેડિકલ સ્ટાફ માટે ચા અને બિસ્કીટ લઈને જતાં હતાં. સવારે અને સાંજે તેઓ આ સેવા આપતાં હતાં. એ વખતે ચાની લારીઓ બંધ હતી એટલે લોકોને ચા મળતી નહોતી.
પહેલ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ આ યુગલે છ હજાર પરિવારોને રાશનકીટ પણ આપી. શું શું આપતાં હતાં રાશનકીટમાં ? ઘઉં, ચોખા, મીઠું, તેલ, રાઈ, સાબુ, સેનેટરી પેડ, માસ્ક અને મચ્છરની અગરબત્તી આ ઉપરાંત પણ બીજું ઘણું આપતાં હતાં.

આ યુગલે ઝીણી ઝીણી બાબતોની પણ કાળજી રાખી. લોકડાઉન હતું એટલે બધી જ દવાઓ મળતી નહોતી. જે ગરીબ દર્દીઓ ડાયાબિટીસ કે બ્લડ પ્રેશરના દર્દીઓ હતા તેમને સમયસર દવા પૂરી પાડી. માનસિક રોગીઓની દવા માટે તો આ યુગલે ઘણી વખત વલસાડ અને નવસારી જવું પડતું. ત્યાંથી દવા લાવી કે મંગાવીને તેમણે દર્દીઓને પહોંચાડી.

આ સમયગાળામાં તેમણે 10 હજાર પાણીની બોટલો આપી. 25 હજારથી વધુ માસ્ક આપ્યાં. માસ્કની કહાની રસપ્રદ છે. વોકલ ફોર લોકલ અભિગમના પગલે તેમણે 400 લોકોને રોજગારી આપી. ખાદીના કપડામાંથી માસ્ક કારીગરો પાસે બનાવડાવ્યા. તેમાં પાછી કલાનો ઉમેરો કર્યો. દરેક માસ્ક પર વારલી પેઈન્ટિંગ કરાવ્યું. કલા અને સંસ્કૃતિનું જતન થાય, માસ્ક આકર્ષક લાગે અને લોકોને રોજગારી પણ મળે.



આ સમયગાળામાં ત્રીજી એપ્રિલ, 2020ના રોજ પૂર્વજાબહેનનો જન્મદિવસ આવે. લગ્ન પછી તેમનો આ પ્રથમ જન્મદિવસ આવ્યો હતો. ઋષિતે તેમને 20 હજાર સેનેટરી પેડ ભેટ આપ્યા. પૂર્વજાબહેને ગરીબ અને આદિવાસી મહિલાઓમાં તેનું વિતરણ કર્યું. કેવી અનોખી ભેટ ?

આ સમયગાળામાં આ યુગલ સતત દોડતું જ રહ્યું. આદિવાસી અને ગરીબ લોકોની સેવા કરવા ઉપરાંત વિવિધ સરકારી ઓફિસોના કર્મચારીઓ, હોસ્પિટલોનો મેડિકલ સ્ટાફ અને કોરોના વોરિયર્સ માટે તેમણે રોજેરોજ કામ કર્યું. આ બધું કામ જાનના જોખમે પણ થયું. તે વખતે આવા સમયકાળમાં કોરોના પોઝિટિવનું જોખમ તો હતું જ. જોકે, એ જોખમને અતિક્રમીને ઋષિત અને પૂર્વજાએ કામ કર્યું છે.

તેમની સાથે તેમની ટીમમાં કરણભાઈ વસાણી, મુન્નાભાઈ ઠક્કર, હિરેનભાઈ પંચાલ, પ્રશાંતભાઈ અને બ્રિજેશભાઈ પણ જોડાયા હતા.


ઋષિત અને પૂર્વજાનું અનોખું લગ્ન છે. એ પ્રેમ માત્ર એકબીજા સાથેનો પ્રેમ નથી. સમાજ સાથેનો પ્રેમ પણ છે. સમાજ માટે કશું જ નક્કર કરવાની બંનેની ભાવના છે.

22મી એપ્રિલ, 1989ના રોજ જન્મેલા ઋષિતને સામાજિક નિસબત વારસામાં મળી છે. તેમના પિતાજી રાજેશભાઈ આ વિસ્તારના જૂના સમાજસેવક છે. ઋષિતે અંગ્રેજી વિષય સાથે એમ.એ. કર્યા પછી એમ.એડ. કર્યું છે. અમેરિકન અને બ્રિટીશ ઈંગ્લિશનો સઘન અભ્યાસ કર્યો છે. સરકારી ઉચ્ચ નોકરી, બેન્કમાં ઉચ્ચ નોકરી, જર્મની કે બેંગ્લોરમાં ઉચ્ચ નોકરીની તેને તક હતી, પરંતુ છેવાડામાં રહેતા લોકો માટે કામ કરવાની ભાવના હતી તેથી તેણે આ બધી, દુનિયાદારીની રીતે ઝળહળ લાગતી કારકિર્દીને જતી કરી. નાની ઉંમરમાં તેણે ઘણું મોટું કામ કર્યું છે.

ફોટોગ્રાફ્સ -

એહમદભાઈ હાડા

## રુડાબાઈની વાવ - અડાલજ



સંસ્કૃતમાં વાવને વાપી કહેવામાં આવે છે. અપરાજિતપૃચ્છા, સમરાંગણ સૂત્રધાર જેવા વાસ્તુશિલ્પના ગ્રંથોમાં દસ પ્રકારના કુવા, ચાર પ્રકારની વાવ, પાંચ પ્રકારના સરોવર અને પાંચ પ્રકારના કુંડનું વર્ણન છે. વાવની વાત કરીએ તો એક મુખ્ય પ્રવેશદ્વાર તથા ત્રણ માળવાળી વાવ નંદી, બે પ્રવેશદ્વાર તથા છ માળવાળી વાવ ભદ્રા, ત્રણ પ્રવેશદ્વાર તથા નવ માળવાળી વાવ જયા અને ચાર પ્રવેશદ્વાર તથા નવમાળવાળી વાવને વિજયા તરીકે ઓળખવામાં આવે છે.

# જાણો મંદિર પર ધજા શા માટે ફરકાવવામાં આવે છે, અને તેનું મહત્વ

વિવિધ મંદિરો દેવસ્થાનોમાં ધજા શા માટે ફરકે છે? એવો સવાલ આપણને ક્યારેક તો જરૂર થયો હશે! ધજાનું આધ્યાત્મિક મહત્વ અનેરું છે. ફરકતી ધજા મંદિર માટે અગત્યની છે. ધજા મંદિરના શિખર પર એક દંડમાં ફરકતી રહે છે, વરસાદ હોય કે પવન, પણ તે ફરકવાનું ભૂલતી નથી. આપણે જુદાં-જુદાં મંદિરોમાં જુદાં-જુદાં રંગ ધજાઓના દર્શન કરીએ છીએ. ધજા બનાવવા માટે સાટિન અથવા રેશમનું કાપડ વપરાય છે. જેને સજાવવા માટે તૂઈ કે જરીનો ઉપયોગ થાય છે.

**મંદિર ઉપર ધજા શા માટે ?**

એનો જવાબ મંદિર નિર્માણ શાસ્ત્રમાં સોમપુરાઓએ લખ્યો છે કે, મંદિર એ દેવ શરીર સ્વરૂપ છે, એના પાયા એ પગ છે, એના પિલર ઘૂંટણ છે, ગર્ભગૃહ એનું હૃદય છે અને તેમાં બળતો દીવો આત્માનું પ્રતીક છે. જ્યારે શિખર એ મસ્તક છે અને તેના ઉપર ફરકતી ધજા એ વાળ સ્વરૂપે ફરકે છે તેવું વર્ણન છે.

બ્રહ્માંડમાંથી દેવી શક્તિને તથા સકારાત્મક તરંગોને મંદિરમાં બોલાવવા માટે ધજા એ રડાર જેવું કામ કરે છે. દ્વારકાધીશના મંદિરમાં ચડતી બાવન ગજની ધજા ચડાવનાર ભક્તને બાવન સંયોગો તથા લાભની પ્રાપ્તિ થાય છે. આ ધજને મસ્તકે ચડાવવાથી ચિંતામુક્તિનો અનુભવ થાય છે. બાવન ગજની ધજાનો અર્થ આ પ્રમાણે છે, 4 દિશા, 12 રાશિ, 9 ગ્રહો, 27 નક્ષત્રોનો સરવાળો 52 થાય છે. જેથી એવું કહેવાય છે કે, કોઈપણ મંદિરના દર્શને જઈએ ત્યારે ધજાના દર્શન અવશ્યથી કરવા જોઈએ. ધજાના મનોરથથી ભક્તના મનમાં કાયમી અલૌકિક મીઠી યાદ રહે છે. ધજા માનવ જીવનને ધન્ય બનાવે છે.

**મંદિર મા શા માટે ચપ્પલ બહાર ઉતારવું.**

મંદિરમાં ઉઘાડા પગે પ્રવેશવું પડે છે, આ નિયમ વિશ્વના દરેક હિન્દુ મંદિરોમાં છે. તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ એ છે કે મંદિરના માળનું નિર્માણ પ્રાચીન કાળથી જ એવી રીતે કરવામાં આવ્યું છે કે તે વિદ્યુત અને ચુંબકીય તરંગોનો સૌથી મોટો સ્ત્રોત છે. જ્યારે વ્યક્તિ આના પર ઉઘાડા પગે ચાલે છે, ત્યારે મહત્તમ ઉર્જા પગ દ્વારા શરીરમાં પ્રવેશે છે.

**દીવો પ્રગટાવવાનુ વૈજ્ઞાનિક કારણ**

આરતી પછી, બધા લોકો તેમના હાથ દીવા અથવા કપૂર પર રાખે છે અને પછી તેને માથા પર લગાવે છે અને આંખોને સ્પર્શ કરે છે. આમ કરવાથી, હળવા ગરમ હાથથી દૃષ્ટિની ભાવના સક્રિય થાય છે અને વ્યક્તિ સારું લાગે છે.

**મંદિરમાં ઘંટ વગાડવાનુ કારણ**

જ્યારે પણ કોઈ વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરે છે, ત્યારે દરવાજા પર ઘંટ વગાડવામાં આવે છે. મુખ્ય મંદિરમાં મા પ્રવેશ કરતી વખતે ઘંટ વગાડવો પડે છે (જ્યાં ભગવાનની મૂર્તિ પણ સ્થિત છે), તેની પાછળનું કારણ એ છે કે તેમાંથી નીકળતો અવાજ સાત સેકન્ડ સુધી ગુંજતો રહે છે જે શરીરના સાત હીલિંગ કેન્દ્રોને સક્રિય અને કુંડલિનિ શક્તિ જાગૃત કરે છે.

**મંદિરમાં ભગવાનની મૂર્તિ**

મંદિરમાં, ભગવાનની મૂર્તિ ગર્ભગૃહની મધ્યમાં મૂકવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ સ્થાન પર સૌથી વધુ ઉર્જા હોય છે, જ્યાં સકારાત્મક ઉર્જા શરીરમાં પહોંચે છે અને સકારાત્મક વિચાર સાથે ઉભા રહેવા પર નકારાત્મકતા દૂર ભાગી જાય છે.

**પરિક્મા કરવા પાછળનું વૈજ્ઞાનિક કારણ**

દરેક મુખ્ય મંદિરમાં દર્શન કર્યા પછી,જ્યારે મંદિરમાં પરિક્રમા કરવામાં આવે છે,ત્યારે તમામ સકારાત્મક ઉર્જા શરીરમાં પ્રવેશ કરે છે અને મનને શાંતિ મળે છે.

**પરિક્મા સાથે જોડાયેલી ખાસ માહિતી..,..**

સૂર્યદેવની સાત, ભગવાન ગણેશની ચાર, ભગવાન વિષ્ણુની ચાર અને તેમના તમામ અવતારની ચાર પરિક્રમા કરવી. દેવી દુર્ગાની ત્રણ,હનુમાનજી અને શિવજીની અડધી પરિક્રમાનો નિયમ છે. શિવજીની અડધી પરિક્રમા કરવામાં આવે છે, આ સંબંધમાં એવું માનવામાં આવે છે કે જળ ધારકને પાર ન કરવું જોઈએ.

🙏




# તમામના રાહબર ગલબાભાઈ : – સ્વ.ચીમનભાઈ પટેલ

ગલબાભાઈ પટેલ સાથે મને કામ કરવાની તક મળી હતી. તેઓ સારા ખેડૂત આગેવાન હતા. અને મેં જોયું કે, તેઓ ખૂબ વ્યહવારુ હતા અને જે કોઈ પ્રવૃત્તિ લેતા તેની ગૂંચો ઉકેલવાનું કામ પણ કુશળતાપૂર્વક કરી શકતા હતા. તેઓની રહેણીકરણી ખૂબ સાદી હતી અને તેનાથી જ અનેક લોકો પ્રભાવિત થતા. કે કાંઈ લાગે તે કહેતા હતા.ગલબાભાઈએ જુદી જુદી સામાજિક અને પંચાયતની સંસ્થાઓ મારફતે જુદી જુદી કક્ષાએ સ્થાનિક નેતૃત્વ ઊભું થાય તેને માટે ભારે મથામણ કરી હતી અને તેઓને સફળતા પણ મળી હતી.આજે પણ એ કામ અધૂરું છે તે કામ પુરુ કરીને જ આપણે તેઓને સાચી અંજલી આપી શકીએ.
નાના અને સીમાંત ખેડૂતોના પ્રશ્નો વિષે તેઓ ખૂબ સજાગ હતા.

ખેડૂતોને પૂરક આવક મળે તે માટે અનેક યોજનાઓ ઘડવાની તેઓને હોંશ હતી. તે દિશામાં તેઓએ નક્કર કામ પણ કર્યું છે. વિશેષ કરીને જ્યાં સુધી ખેડૂતો સંગઠિત ન હોય ત્યાં સુધી તેઓની તાકાત વધે નહિ અને સોદા શક્તિનો ઉમેરો થાય નહિ તે વાત તેઓએ બરાબર સમજી સમજી લીધી હતી અને એ સમજથી ખેડૂતોના પ્રશ્નો ઉકેલી ખેડૂતોને આબાદ કરવાના પ્રયાસરૂપે જ તેઓ ખેડૂત સંગઠન ઉપર ભાર મૂકતા હતા અને તે માટે કામ કરતા હતા. તેઓએ જ્યારે જ્યારે ખેડૂતોની વાત કરી છે ત્યારે ખેતમજૂરો તેમની નજર બહાર ન હતા. સાચુ કહું તો ગરીબ અને આર્થિક રીતે પછાત તમામના તેઓ રાહબર હતા.

આખી જિંદગી સુધી ગલબાભાઈએ સામજસેવા દ્વારા અત્યોંદય માટે જ કામ કર્યુ છે. તેમના જીવન અને કાર્ય માંથી આપણે પ્રેરણા મેળવીને ગરીબો, ખેડૂતો, ખેતમજૂરો અને આર્થિક રીતે પછાત એવા વર્ગોની ઉન્નતિ માટે કંઈપણ કરી શકીએ તો તેઓના આત્માને જરૂર શાંતિ મળશે.

ગલબાભાઈ બનાસકાંઠા જિલ્લાના એક આગેવાન લોકસેવક હતા અને જિલ્લાને નવું સ્વરૂપ આપવાના પ્રયાસોમાં મોખરે હતા. બનાસકાંઠા જિલ્લાની આર્થિક સુધારણા માટે તેઓએ જિલ્લા કક્ષાની અનેક યોજનાઓ વિચારી હતી. ડેરીની પ્રવૃતિ પણ તેના ભાગ રૂપે હતી.